ઉમરગામમાં સૌથી વધુ વરસાદનો રેકોર્ડ

સમગ્ર દેશમાં એક જ દિવસમાં સૌથી વધુ વરસાદ પડવાના મામલે ઉમરગામ ત્રીજા ક્રમે

વલસાડ જિલ્લામાં આ મોસમનો કુલ વરસાદમાં કપરાડા તાલુકો સૌથી આગળ ૧૪૭.૨૮ ઈંચ

ગુજરાતમિત્ર EXCLUSIVE

વાપી : મેઘાલયના ચેરાપુંજીને ટક્કર મારે તેવો વરસાદ ૨૩ જુલાઈએ વલસાડ જિલ્લાના ઉમરગામમાં વરસ્યો તે આખા ભારતમાં ત્રીજા નંબરે દૈનિક સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં ઉમરગામમાં ૨૩ જુલાઈને ૨૦૨૬ના દિવસે ૨૪ કલાકમાં ૪૨.૫૬ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ દિવસે થયેલા રેકોર્ડબ્રેક વરસાદને લઈને જુલાઈ માસમાં વલસાડ જિલ્લાના પાંચ તાલુકાનો વરસાદ ૧૦૦ ઈંચને આંબી ગયો છે.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર ઉમરગામમાં જે એક જ દિવસમાં ૨૪ કલાકમાં ૪૨.૫૬ ઈંચ વરસાદ નોંધાયો હતો જે એક જ દિવસમાં રાજ્યમાં સૌથી વધુ અને દેશમાં ત્રીજા ક્રમે છે.

આમ પણ વલસાડ જિલ્લામાં દર વર્ષે ૧૦૦ ઈંચથી વધુ વરસાદ સરેરાશ પડે છે. ચેરાપુંજીને ટક્કર મારે તેવો વરસાદ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં પડે છે. આ મોસમના કુલ વરસાદમાં કપરાડા તાલુકો ૧૪૭.૨૮ ઈંચ વરસાદથી સૌથી આગળ છે.

દેશમાં સૌથી વધુ નોંધાયેલો વરસાદ

તારીખ	સ્થળ	૨૪ કલાકનો વરસાદ
૧૬ જૂન ૧૯૯૫	સોહરા ચેરાપુંજી	૬૨.૫૩ ઈંચ
૬ મે ૨૦૦૪	લક્ષદ્વિપ અમિનીદીવી	૪૬.૭૪
૨૩ જુલાઈ ૨૦૨૬	ઉમરગામ	૪૨.૫૬ ઈંચ

વલસાડ જિલ્લાનો મોસમનો કુલ વરસાદ

તાલુકો	ઈંચમાં
વલસાડ	૧૦૨.૮
ધરમપુર	૯૯.૬૪
પારડી	૧૦૧.૫૨
કપરાડા	૧૪૭.૨૮
ઉમરગામ	૧૦૯.૪૮
વાપી	૮૮.૦૮
નાનાપોંઢા	૧૧૯.૮

વલસાડનો ૨૦૦૨નો વરસાદનો રેકોર્ડ ૨૩ જુલાઈએ તૂટ્યો

IMD અમદાવાદ દ્વારા મીડિયાને જણાવ્યા પ્રમાણે વલસાડ જિલ્લામાં અત્યાર સુધીનો આ સૌથી વધુ વરસાદ છે. અગાઉ 27 જૂન, 2002ના રોજ વલસાડમાં ૨૨.૭૧ ઈંચ વરસાદ એક દિવસમાં નોંધાયો હતો. એટલે કે ઉમરગામમાં પડેલો વરસાદ અગાઉના રેકોર્ડ કરતાં લગભગ બમણો છે. દક્ષિણ ગુજરાતમાં હવામાન પ્રણાલીઓની પરસ્પર અસરને કારણે લાંબા સમય સુધી અત્યંત તીવ્ર વરસાદ પડ્યો હોવાનું IMDએ જણાવ્યું છે. 22 જુલાઈની સવારે મધ્ય પ્રદેશમાં નીચલા અને મધ્યમ વાતાવરણ સ્તરે રહેલું વિશાળ ચક્રવાતી પરિભ્રમણ ધીમે ધીમે પશ્ચિમ તરફ ખસીને 23 જુલાઈની સવારે દક્ષિણ-પૂર્વ રાજસ્થાન અને અડીને આવેલા દક્ષિણ-પશ્ચિમ મધ્ય પ્રદેશ વિસ્તારમાં પહોંચ્યું હતું. તેના કારણે દક્ષિણ ગુજરાતમાં વરસાદી સિસ્ટમ વધુ સક્રિય બની હતી.

દક્ષિણ ગુજરાતમાં ઇદેમિલાદુન્નબી તહેવારની ભવ્ય ઉજવણી

■ નવસારી, ધરમપુર, બીલીમોરા, પારડી : નવસારી: પયગંબર હઝરત મોહમ્મદ સાહેબના જન્મદિન ઈદે મિલાદ-ઉન-નબીની દક્ષિણ ગુજરાતમાં ધાર્મિક શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. પર્વ નિમિત્તે શહેરના વિવિધ વિસ્તારોમાંથી ભવ્ય જુલૂસ કાઢવામાં આવ્યા હતા, જેમાં હજારોની સંખ્યામાં અકીદતમંદો જોડાયા હતા. નવસારીમાં દારૂલ ઉલૂમ અન્વારે રઝા સંસ્થા દ્વારા ઐતિહાસિક મોટી દરગાહ મસ્જિદથી દારૂલ ઉલૂમ અન્વારે રઝા મદ્રેસા સુધી જુલૂસ યોજાયો હતો. જ્યારે ધેલખડીથી રિંગરોડ સુધી પણ વિશાળ જુલૂસનું આયોજન કરાયું હતું. જુલૂસના માર્ગો પર નાત-એ-પાકની ગુંજ અને ધાર્મિક ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમના અંતે પયગંબર સાહેબના જીવન અને તેમના માનવતા, દયા, શાંતિ તથા ભાઈચારાના સંદેશને અનુસરવાનો સંકલ્પ લેવાયો હતો. ધરમપુરમાં મુસ્લિમ સમાજના ચુસુફ શેખ ઉર્ફે પપ્પુભાઈ કમર આલમ પઠાણ અસલમ શેખ મુફીદ પઠાણની આગેવામાં નીકળેલાં જુલૂસમાં યુવાનો જોડાયા હતાં. પીઆઇ નિખિલ ભોયા તથા પીએસઆઈ વસાવાએ પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. બીલીમોરામાં બે હજારથી વધુ જ્યારે ગણદેવીમાં ૪૦૦ થી વધુ લોકો જુલુસમાં જોડાયા હતા. ઘરો, મસ્જિદો, મદરેસાને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યા હતા. પારડીના ચુનિટી હોલમાં રીફાઈ કમિટી, સુન્ની મુસ્લિમ જમાત તથા પારડીના કાઉન્સિલર પરવેઝ તાઈ દ્વારા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સુખેશની નિરાધાર બાળકોની સંસ્થા 'નાનુભાઈ ફાઉન્ડેશન'ના ૧૩૦ જેટલા બાળકોને આ ભોજન સમારંભમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ ફૈઝલ મલેક, પારડી શહેર કોંગ્રેસ પ્રમુખ કપિલ હળપતિ, નોટરી એડવોકેટ વિજય શાહ ઉપસ્થિત રહ્યા હતાં.

રાનવેરી કલ્લાની મહિલાનો 'જન્મ દિવસ જ અંતિમ દિવસ' બન્યો

હાઇવા ટ્રકની ટક્કરે મોપેડ આવતા મહિલાનું મોત, બે વર્ષીય પુત્રએ માતાની મમતા ગુમાવી

ઘેજ : ચીખલી રાનકુવા માર્ગ ઉપર મોપેડ અને ટ્રક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક મહિલાનુ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એકને સારવાર હેઠળ ખસેડવામાં આવી હતી.

ચીખલી તાલુકાના રાનવેરી કલ્લા નહેર ફળીયા ખાતે રહેતી ધ્રુવીકાબેન આશીષભાઇ નાયકા પટેલ (ઉ.વ-૨૬) તથા અંજનાબેન વીરેન્દ્રભાઇ પટેલ સાથે એક્ટિવા મોપેડ નં-જીજે-૨૧-બીએમ-૯૮૩૪ લઈ ધ્રુવીકાબેનનો જન્મ દિવસ હોય કપડાની ખરીદી કરવા માટે ગયા હતા. બાદમાં ખરીદી કર્યા બાદ પરત રાનવેરી કલ્લા ઘરે જતી વેળા ચીખલીથી રાનકુવા જતા માર્ગ ઉપર આલીપોર ગાંધી રોડ બિલ્ડર પાસે પહોંચતા માતેલા સાંઢની જેમ પુરપાટ ઝડપે આવી રહેલી એક અશોક લેલન હાઇવા ટ્રક નં-આરજે-૦૧-જીડી-૭૩૧૭ ના ચાલકે પાછળથી ટક્કર મારતા મોપેડ સવાર અંજનાબેનને હાથ, પગ અને કમરના ભાગે ઇજાઓ પહોંચતા પ્રથમ ચીખલીની સ્પંદન અને વધુ સારવાર અર્થે નવસારીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે પાછળ બેસેલા ધ્રુવીકાબેનને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચતા જેમનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું. ધ્રુવીકાબેનનો જન્મ દિવસ જ અંતિમ દિવસ બનવા પામ્યો હતો. જ્યારે બે વર્ષીય માસૂમ પુત્રએ માતાની છત્રછાયા ગુમાવી હતી.

આ અકસ્માતમાં એક્ટિવા મોપેડ હાઇવા ટ્રકના આગળના ભાગે ફસાઈ જતા ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવી હતી. જોકે અકસ્માત બાદ હાઇવા ચાલક ફરાર થાય તે પૂર્વે જ સ્થાનિકોએ ઝડપી લઈ પોલીસના હવાલે કર્યો હતો. ઉપરોક્ત મુજબની ફરિયાદ મરનાર યુવતીના પતિ આશિષ અરવિંદભાઇ પટેલ (ઉ.વ-૨૬) (રહે. રાનવેરી કલ્લા નહેર ફળીયા તા.ચીખલી) એ કરતા પોલીસે હાઇવે ટ્રક ચાલક વિરૂધ્ધ અકસ્માત બાબતે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ-આર.એન.વાડલેએ હાથ ધરી હતી.

બીલીમોરાની ચોરીના તાર ભિવંડી સુધી પહોંચ્યા

નવસારી LCBની ટીમે મહારાષ્ટ્રના ભિવંડીથી કાયદાના સંઘર્ષમાં આવેલા સગીરને શોધી કાઢ્યો

નવસારી, ગણદેવી : બીલીમોરામાં થયેલી ઘરફોડ ચોરીમાં નવસારી LCB ચોક્કસ બાતમીના આધારે મહારાષ્ટ્રના ભિવંડી સુધી પહોંચી હતી, જ્યાંથી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને શોધી તેની પાસેથી ચોરીમાં ગયેલા સોના-ચાંદીના દાગીના સહિત કુલ 3,24,214નો મુદ્દામાલ કબજે કરાયો છે.

બીલીમોરા પોલીસ મથકે નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનાની તપાસ દરમિયાન સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ તથા નવસારી જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ LCB PI વી.જે. જાડેજાની ટીમે તપાસ હાથ ધરી હતી. LCB સ્ટાફને મળેલી ચોક્કસ માહિતીના આધારે મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ભિવંડી જકાત નાકા નજીક શાંતિનગર વિસ્તારમાં કાર્યવાહી કરવામાં આવી હતી.

પોલીસે કબજે કરાયેલા દાગીનામાં સોનાની બે જોડી કાનની બુટ્ટી, ચાંદીના બે જોડી નાના સાંકળા તથા એક જોડી મોટા સાંકળાનો સમાવેશ થાય છે.

આગળની કાયદેસરની કાર્યવાહી માટે બાળકને તેના સગા-સંબંધીઓની હાજરીમાં બીલીમોરા પોલીસ મથકને સોંપવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. સમગ્ર કામગીરીમાં PSI વાય.જી. ગઢવી, PSI એમ.બી. ગામીત તથા LCBના સ્ટાફે મહત્વની ભૂમિકા ભજવી હતી.

નવસારી મનપાના આઉટસોર્સ કર્મીઓનો બાકી પગાર ચૂકવાયો

હવેથી દર મહિનાની ૧૦મી તારીખ સુધીમાં કર્મચારીઓને સમયસર પગાર મળી જાય તેવી વ્યવસ્થા કરવા સૂચના અપાઈ

નવસારી : નવસારી મહાનગરપાલિકાના વિવિધ વિભાગોમાં આઉટસોર્સિંગ એજન્સીઓ મારફતે ફરજ બજાવતા 200થી વધુ કર્મચારીઓનો બાકી પગાર આખરે ચૂકવાઈ ગયો છે. શ્રાવણ માસ અને રક્ષાબંધન જેવા તહેવારો દરમિયાન પગાર અટવાતા કર્મચારીઓમાં ચિંતા જોવા મળી હતી. આ મુદ્દે કર્મચારીઓ દ્વારા રજૂઆત કરવામાં આવ્યા બાદ મનપા તંત્ર દ્વારા એજન્સીઓ સાથે સમીક્ષા કરી પગાર ચુકવણીની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવી હતી.

માઈનોર ડ્રેનેજ, વોટર વર્ક્સ, ગાર્ડન, દબાણ હટાવ અને પીઆરઓ સહિતના વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓના પગારમાં વિલંબ અંગેની સમીક્ષામાં એજન્સીઓ દ્વારા સમયસર બિલ રજૂ ન થવાને કારણે ચુકવણીમાં વિલંબ થયો હોવાનું સામે આવ્યું હતું.

બાકી મહેનતાણું ઝડપથી ચૂકવવા સંબંધિત એજન્સીઓને સૂચના આપવામાં આવતા કર્મચારીઓના ખાતામાં પગારની રકમ જમા કરાવવામાં આવી છે. સાથે જ ભવિષ્યમાં પગાર ચુકવણીમાં વિલંબ ન થાય તે માટે દર મહિનાની 10મી તારીખ સુધીમાં તમામ આઉટસોર્સ કર્મચારીઓને પગાર મળી જાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. તહેવારોના સમયે અટવાયેલો પગાર મળતાં કર્મચારીઓને રાહત મળી છે.

ગૃહ રાજ્યમંત્રીના નામે ભ્રામક પોસ્ટ વાયરલ

નવસારીમાં 'કથા વિસ્તાર' નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ દ્વારા દારૂબંધીના મુદ્દે મંત્રીના ફોટા સાથે ખોટું નિવેદન ફેલાવવાનો મામલો

નવસારી : ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના ફોટાનો ઉપયોગ કરી સોશિયલ મીડિયા પર કથિત ભ્રામક પોસ્ટ વાયરલ કરવાના મામલે નવસારી સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા ઈન્સ્ટાગ્રામ યુઝર સામે ગુનો નોંધ્યો છે. સોશિયલ મીડિયા મોનિટરિંગ દરમિયાન 'katha^vistar' નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી આ પોસ્ટ સામે આવ્યા બાદ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

પોસ્ટમાં હર્ષ સંઘવીના ફોટા સાથે દારૂબંધીના મુદ્દે સ્થાનિક કોર્પોરેટર, ધારાસભ્ય અને સરપંચ સામે કાર્યવાહી અંગે મંત્રી દ્વારા નિવેદન કરવામાં આવ્યું હોય તેવો દાવો કરાયો હતો. આ સામગ્રીને સાચા સમાચાર તરીકે રજૂ કરી સોશિયલ મીડિયામાં પ્રસારિત કરાયાનો આક્ષેપ છે.

સાયબર ક્રાઈમ પોલીસે તેના મૂળ સ્ત્રોત અને એકાઉન્ટ સંચાલકની ઓળખ મેળવવા માટે ટેક્નિકલ તપાસ શરૂ કરી છે. પોસ્ટ ક્યારે અપલોડ થઈ, કોણે તૈયાર કરી અને કેટલા લોકો સુધી પહોંચાડવામાં આવી તે સહિતની વિગતો એકત્ર કરવામાં આવી રહી છે.

આ મામલે પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS) કલમ 336(4) અને IT એક્ટ કલમ 66(C) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પારડીના બજારમાં રક્ષાબંધન પર્વની રોનક જોવા મળી

■ પારડી : રક્ષાબંધનના પવિત્ર તહેવારને હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે પારડીના બજારમાં રક્ષાબંધન તહેવારની ભારે રોનક જોવા મળી રહી છે. બજારમાં અવનવી અને આકર્ષક રાખડીઓની ધૂમ આવક થઈ છે, જેના કારણે દુકાનોમાં ગ્રાહકોની ભારે ભીડ અને ખરીદીમાં તેજી જોવા મળી રહી છે. ભાઈ-બહેનનો પવિત્ર તહેવાર રક્ષાબંધન નજીક આવતા જ પારડી બજાર ગ્રાહકોથી ઊભરાઈ ગયું છે. બાળકો માટે કાર્ટૂનવાળી રાખડીઓ, ડોરેમોન, બેન-૧૦, ડાયમંડ રાખડી તથા કસ્ટમાઇઝડ નામવાળી રાખડીઓની બજારમાં ભારે ડિમાન્ડ છે. બહેનો પોતાના ભાઈઓ માટે રાખડીઓ અને મીઠાઈની ખરીદી કરતી જોવા મળી રહી છે. પારડીના વેપારીએ જણાવ્યું હતું કે, માર્કેટ થોડું ધીમું હતું, પરંતુ તહેવાર નજીક આવતા જ છેલ્લા બે-ત્રણ દિવસથી ખરીદીમાં ભારે ઉછાળો આવ્યો છે, જેનાથી સ્થાનિક વેપારીઓમાં ખુશીનો માહોલ છે.

વાંસદા પંથકમાં રખડતા ઢોર અને ડુક્કરોના ત્રાસથી ખેડૂતો ત્રસ્ત

રખડતા પશુઓ અને ડુક્કરો ખેતરોમાં ઘૂસી પાકને નુકસાન પહોંચાડતા ઉકેલની માગ

વાંસદા : વાંસદા સહિત તાલુકાના હનુમાનબારી, ભમતી, પાટા ફળિયા અને વડલી વિસ્તારમાં રખડતા ઢોર-ઢાંખર ખેતરોમાં ઘૂસી જઈ પાકને વ્યાપક નુકસાન પહોંચાડી રહ્યા છે, જેને લઈને ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે.

મોંઘવારીના આ સમયમાં ખેડૂતો મોંઘા ભાવે બિયારણ અને ખાતર લાવીને ખેતી કરતા હોય છે. પાક તૈયાર થતાં સારી આવકની આશા સાથે ખેડૂતો દિવસ-રાત મહેનત કરી પાકની કાળજી રાખે છે. પરંતુ, રખડતા ઢોર ગમે ત્યારે ખેતરોમાં ઘૂસી જઈ પાકને નુકસાન પહોંચાડતા ખેડૂતોને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડે છે. એટલું જ નહીં, રખડતા ડુક્કરોના ત્રાસથી પણ ખેડૂતો ભારે પરેશાન છે. પાકને બચાવવા માટે અનેક ખેડૂતોને રાત્રિના આશરે ૧૧ વાગ્યા સુધી ખેતરોમાં રોકાઈને પશુઓ અને ડુક્કરોને ભગાડવાની ફરજ પડી રહી છે.

આ ગંભીર સમસ્યા અંગે અસંખ્ય ખેડૂતો એકત્ર થઈને વાંસદા પોલીસ મથકે પહોંચ્યા હતા અને રખડતા પશુઓ તથા ડુક્કરોના ત્રાસથી પાકને થતા નુકસાન અંગે રજૂઆત કરી વહેલી તકે સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગ કરી હતી. ખેડૂતોના જણાવ્યા મુજબ, ખેતીના પાકને બચાવવા માટે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે યોગ્ય અને સખત કાર્યવાહી કરવામાં આવે તે અત્યંત જરૂરી છે.

વારંવાર અકસ્માત ધુમ્મસના કારણે સાપુતારા ઘાટમાર્ગ અને નાગેશ્વર મંદિર પાસે બે અલગ-અલગ અકસ્માત

કાર વીજપોલ સાથે, કન્ટેનર ખાડામાં ખાબક્યું

ગાઢ ધુમ્મસ અને વિઝિબિલિટી ઓછી હોવાથી મહારાષ્ટ્રની કાર વીજપોલ સાથે અથડાઈ ઝાડીઓમાં ખાબકી

પુણેથી સુરત જતા કન્ટેનર ટ્રકની બ્રેક ફેલ થતા ચાલકે વાહનને ખાડા તરફ વાળી દીધું

સાપુતારા : પ્રસિદ્ધ પ્રવાસન ધામ સાપુતારામા આજે વહેલી સવારે ચોમાસાની ઋતુને કારણે ડુંગરાળ વિસ્તારોમાં છવાયેલા ગાઢ ધુમ્મસ અને ટેક્નિકલ ખામીના પરિણામે બે અકસ્માતની ઘટનાઓ સામે આવી છે. સદનસીબે બંને ઘટનાઓમાં મોટી જાનહાની ટળી છે.

મળતી વિગતો મુજબ, પવિત્ર શ્રાવણ માસ ચાલતો હોવાથી વહેલી સવારે સાપુતારાના નાગેશ્વર મહાદેવ મંદિરે ભક્તોની અવરજવર રહે છે. આ દરમિયાન નાગેશ્વર મહાદેવ મંદિર પાસે અતિ ગાઢ ધુમ્મસના કારણે વિઝિબિલિટી સ્પષ્ટ ન જણાતાં મહારાષ્ટ્ર પાસિંગની એક સફેદ રંગની કિયા કાર (MH 15 HG 6573) ચાલકના કાબૂ બહાર ગઈ હતી અને રસ્તા કિનારે આવેલા વીજપોલ સાથે જોરદાર ધડાકા સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો જબરદસ્ત હતો કે વીજપોલ તૂટીને રસ્તા પર વચ્ચે જ ધરાશયી થઈ ગયો હતો અને કાર રસ્તાની બાજુમાં ઝાડીઓમાં ખાબકી હતી. ધડાકો સાંભળીને લોકો દોડી આવ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર કારમાં કુલ ચાર લોકો સવાર હતા. અકસ્માત સર્જાયા બાદ કારમાં સવાર પૈકીના બે વ્યક્તિઓ નાસી છૂટ્યા હતા. કારમાં સવાર લોકો મહારાષ્ટ્રના વતની હતા અને નશાની હાલતમાં હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જોકે આ અંગેની સત્તાવાર પુષ્ટિ પોલીસ તપાસ બાદ જ થઈ શકશે. સદનસીબે તે સમયે કોઈ ભક્ત કે રાહદારી કારની અડફેટે ન આવતાં મોટો અકસ્માત ટળ્યો હતો.

બીજી ઘટના સાપુતારા-માલેગામ ઘાટમાર્ગ પર આવેલા ફોરેસ્ટ રેસ્ટ હાઉસ અને અજય ટેન્ટ સિટી નજીક બની હતી. મહારાષ્ટ્રના પુણેથી માલસામાનનો જથ્થો ભરીને સુરત તરફ જઈ રહેલા એક મોટા કન્ટેનર ટ્રકની અચાનક બ્રેક ફેલ થઈ ગઈ હતી. ઘાટમાર્ગના વળાંક પર બ્રેકે કામ કરવાનું બંધ કરી દેતાં ચાલકે બુદ્ધિપૂર્વક વાહનને રસ્તાની બાજુમાં આવેલા ખાડા તરફ વાળી દીધું હતું. પરિણામે કન્ટેનર રસ્તા કિનારે નમીને ખાડામાં ઉતરી ગયું હતું.

બંને બનાવો અંગે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. નાગેશ્વર મંદિર પાસે રસ્તા પર પડેલા વીજપોલને દૂર કરી વાહન વ્યવહાર પૂર્વવત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી તેમજ પોલીસે આગળની કાર્યવાહી પણ હાથ ધરી છે.

વલવાડાના શખ્સ સાથે ઓનલાઈન છેતરપિંડી

SBI (YONO) એપ ચાલુ કરવાના બહાને સાઇબર ફ્રોડ કરાતા પોલીસે તપાસ હાથ ધરી

ઉમરગામ : ભીલાડ નજીકના વલવાડામાં રહેતા એક શખ્સ સાથે ઓનલાઈન રૂપિયા 89 હજારની છેતરપિંડી થઈ છે. SBI (YONO) એપ ચાલુ કરવાના બહાને સાઇબર ફ્રોડનો ગુનો બનતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ઉમરગામ તાલુકાની દમણગંગા નદી પાસે નેશનલ હાઈવે નંબર 48 વલવાડામાં જય રિસર્ચ ફાઉન્ડેશન ક્વાર્ટર્સમાં રહેતા અને જય રિસર્ચ ફાઉન્ડેશન ખાતે મેન્ટેનન્સ ડિપાર્ટમેન્ટમાં સિનિયર ટેક્નિશ્યન તરીકે નોકરી કરતા ફરિયાદી રામબિહારી ચંદ્રિકાપ્રસાદ સાહની (ઉં 58) ને તારીખ 19 ઓગસ્ટના રોજ એક અજાણ્યા નંબરથી વોટ્સએપ કોલ આવ્યો હતો અને જણાવેલું કે મેં એસબીઆઈ બેંક સે બોલ રહા હું આપકા SBI (YONO) એપ બંધ હે વો ચાલુ કરવા દેતા હું તેમ જણાવી એટીએમ કાર્ડનો નંબર મેળવી ખાતામાંથી કુલ રૂપિયા 89 હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ અજાણ્યા શખ્સે છેતરપિંડી કરી સાઈબર ફ્રોડ કરી ગુનો કરેલો હતો. આ બનાવ અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.